પરમકૃપાળુ ! દીનદયાળુ, જીવનનાં આધાર વંદુ, સચરાચર, જગદીશ્વર, ઘટઘટમાં વસનાર વંદુ..

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૦ | ૧૧ ડીસેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; કારતક વદ - ૧૧/૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નવા સંસદ ભવનમાં ૨૧મી સદીના ભારતની આકાંક્ષાઓ પૂર્ણ થશે

**લોકશાહીના નવા મંદિરની આધારશીલા મૂકી વડાપ્રધાન બોલ્યા : સંસદ ભવનનું નિર્માણ કાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધી પૂરી થવાની શક્યતા : દુનિયા રહે, ત્યાં સુધી સંવાદ ચાલતો રહેવો જોઇએ એવી શીખ ગુરૂનાનક દેવના ઉપદેશને સંસદ ભવનના નવા મકાનના શિલાન્યાસ સમયે ટાંક્યો : વડાપ્રધાનનો ગુરૂનાનક દેવની શીખને ટાંકીને ખેડૂતોને મનાવવા પ્રયાસ : દેશમાં પોલિસીમાં અંતર હોઈ શકે, અમારું લક્ષ્ય પબ્લિક સર્વિસ : મોદી**



ન્યુ દિલ્હી,તા.૧૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂમિ પૂજનની સાથે જ નવા સંસદ ભવનની આધારશિલા મૂકી. ચાર માળના સંસદ ભવનનું નિર્માણ કાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધી પૂરી થવાની શક્યતા છે. વૈદિક મંત્રોચ્ચારની વચ્ચે ભૂમિપૂજન કાર્યક્રમનો આરંભ થયો અને તેના સંપન્ન થય બાદ શુભ મુહૂર્તમાં વડાપ્રધાને પરંપરાગત વિધિની સાથે આધારશિલા મૂકી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, વિવિધ રાજકીય પાર્ટીના નેતા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, રક્ષા મંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રી, મોટી સંખ્યામાં સાંસદ અને અનેક દેશોના રાજદૂત આ ઐતિહાસિક અવસરના સાક્ષી બન્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે અને માઈલસ્ટોન સાબિત થશે. દેશમાં હવે ભારતીયતાના વિચારોની સાથે નવી સંસદ બનવા જઈ રહી છે, આપણે દેશવાસી મળીને સંસદના નવા ભવનનું નિર્માણ કરીશું. જ્યારે ભારત પોતાની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણી કરશે, ત્યારે સંસદની ઈમારત તેની પ્રેરણા હશે. વડાપ્રધાને વધુમાં કહ્યું કે, હું એ પળ ક્યારેય નહીં ભૂલી શકું જ્યારે પહેલીવાર ૨૦૧૪માં સંસદ ભવનમાં આવ્યો હતો.

ત્યારે મેં શિશ ઝુકાવીને નમન કર્યું હતું. હાલના સંસદ ભવને આઝાદીનું આંદોલન, સ્વતંત્ર ભારત, આઝાદ દેશની પહેલી સરકાર, પહેલી સંસદ, બંધારણ રચવામાં આવ્યું. પીએમ મોદીએ કહ્યું કે, નવું સંસદ ભવન સમયની માંગ છે પરંતુ જૂના સંસદ ભવનમાં આપણા દેશનો ઈતિહાસ સંગ્રહિત છે. વડાપ્રધાને મોદીએ કહ્યું કે, દેશમાં લોકતંત્ર કેમ સફળ છે. દુનિયામાં ૧૩મી શતાબ્દીમાં મેગ્નાકાર્ટાથી પહેલા

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાને સંસદના નવા મકાનનું ભૂમિપૂજન અને શિલાન્યાસ કર્યું

**ભવન નિર્માણમાં ૯૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે : હિન્દુ વિધિ મુજબ પૂજા કરવામાં આવી : સર્વધર્મ પ્રાર્થનાનું પણ આયોજન**



નવી દિલ્હી, તા. ૧૦

ભારતમાં નવા સંસદ ભવનનું નિર્માણ થવા જઈ રહ્યું છે. લગભગ ૯૭૧ કરોડ રુપિયાના ખર્ચે બનનારા સંસદના નવા બિલ્ડિંગ માટે ભૂમિપૂજન અને શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું છે. હિન્દુ વિધિ પ્રમાણે પૂજા કરવામાં આવી હતી. આ દરમિયાન સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

ચાર માળના નવા સંસદ ભવનના નિર્માણ માટે ૯૭૧ રુપિયાનો ખર્ચ કરવામાં આવશે અને ૬૪,૫૦૦ વર્ગ મીટર ક્ષેત્રફળમાં તૈયાર કરવાનો પ્રસ્તાવ છે. તેનું નિર્માણકાર્ય ભારતની સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. નવી ઈમારતને ભૂકંપથી નુકસાન ના થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવશે.

પ્રત્યેક સંસદ સભ્યને ફરી નિર્માણ પામનારા શ્રમશક્તિ ભવનમાં કાર્યકાળ માટે ૪૦ વર્ગ મીટર જગ્યા આપવામાં આવશે, જેનું નિર્માણકાર્ય ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. નવા સંસદ ભવનના નિર્માણ માટે ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ એમ વેંકૈયા નાયડુ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ક્રમશઃ રાજ્યસભા અને લોકસભામાં ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કર્યું હતું. લોકસભા સચિવાલય દ્વારા જારી કરાયેલી એક જાહેરાતમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજનાથના ચીન પર આકરા પ્રહાર

**આસિયાન દેશોના રક્ષામંત્રીઓની બેઠકમાં અવળચંડા ચીન સામે ભારત વધુ આક્રમક બન્યું : ભારતીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે નામ લીધા વિના ચીન તરફથી ઊભા થનારા ખતરા અને કાર્યવાહીનો મુદ્દો ઊઠાવ્યો : સિંહે અનેક મુદ્દે વાત કરી**

નવી દિલ્હી, તા. ૧૦

સરહદ પાર ચાલી રહેલા તણાવની વચ્ચે ભારતે વર્ચ્યુઅલ મંચ પરથી ચીન પર નિશાન સાંધ્યું છે. આસિયાન દેશોના રક્ષા મંત્રીઓની બેઠક ને સંબોધિત કરતાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે ચીનનું નામ લીધા વગર એક વખત ફરીથી દુનિયાની સમક્ષ ડ્રેગનનો અસલી ચહેરો ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો. તેમણે ચીનની તરફથી ઉભા થનાર ખતરા અને કાર્યવાહીનો મુદ્દો ઉઠાવ્યો.

આ વર્ચ્યુઅલ બેઠકમાં ચીનના રક્ષામંત્રી પણ હાજર હતા. રાજનાથ સિંહે એડીએમએમ-પ્લસ બેઠકની ૧૦મી વર્ષગાંઠના અવસર પર કહ્યું કે નિયમ આધારિત આદેશ, સમુદ્રી સુરક્ષા, સાઈબર સંબંધિત ગુનાઓ અને આતંકવાદનો ખતરો, આપણે એક મંચ તરીકે આ તમામ પડકારોનો સામનો કરવો પડશે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પૂંચ વિસ્તારમાં પાકિસ્તાને ફાયરીંગ કરી સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યુ.
- અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખ ૨૪ હજાર કોરોનાના કેસ નોંધાયા અને ૩૨૦૦ના મૃત્યુ.
- સુરતની ટ્રાઈડેન્ટ હોસ્પિટલ ફાયરસેફ્ટીના સાધનોના અભાવે સીલ કરાઈ.
- વીરપુરનુ જલારામ મંદિર પુનઃ દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાયુ.
- બે વર્ષથી વધુની સજા પામેલ અપરાધીઓ ચૂંટણી નહી લડી શકે.
- મુંબઈ વારાસણી અને મધ્યપ્રદેશના રેવાથી કેવડીયા સુધી ટ્રેન દોડશે.
- મુકેશ અંબાણી દાદા બન્યા. આકાશ અંબાણીને ત્યાં દીકરાનો જન્મ થયો.
- ભારત-નેપાળ વચ્ચે પુનઃ વિમાની સેવાઓ આરંભાઈ.

## હાલ માત્ર વયસ્કોને કોરોના વેક્સિન આપવામાં આવશે

**બાળકોએ રસી માટે લાંબી રાહ જોવી પડશે : બાળકોમાં વેક્સિનના વિલંબનું સૌથી મોટું કારણ એ છે કે તેમને આ ટ્રાયલમાં સામેલ નહોતા કરવામાં આવ્યા**

નવી દિલ્હી,તા.૧૦

દુનિયાભરમાં ફરી એક વાર ઝડપથી કોરોના વાયરસનું સંક્રમણ વધતું જોવા મળી રહ્યું છે. કોરોનાના વધતા સંક્રમણની વચ્ચે હવે વેક્સીનને લઈને પણ ચર્ચા વધુ જોર પકડી રહી છે. અનેક વેક્સીન કંપનીઓને ડોઝના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી પણ મળી ગઈ છે. એક અનુમાન મુજબ આગામી વર્ષની શરૂઆતમાં કોરોના વેક્સીન સામાન્ય લોકો માટે ઉપલબ્ધ થઈ જશે. એવામાં આ વર્ષના અંત સુધી લાખો વયસ્કોને તો કોરોના વાયરસના ડોઝ આપવામાં આવી ચૂક્યા હશે પરંતુ બાળકોને હજુ પણ વેક્સીન માટે લાંબી રાહ જોવી પડશે. બાળકોમાં વેક્સીનના વિલંબનું સૌથી મોટું કારણ એ છે કે તેમને આ ટ્રાયલમાં સામેલ નહોતા કરવામાં આવ્યા. એવામાં આ વેક્સીન બાળકો માટે કેટલી સુરક્ષિત છે તેના વિશે દવા કંપનીઓને હજુ જાણકારી નથી. દવા કંપનીઓ કોરોના વેક્સીન બજારમાં આવ્યા બાદ બાળકો માટે પણ ટ્રાયલ શરૂ કરશે. જોકે, બ્રિટને ફાઈઝર-બાયોએનટેકની વેક્સીનને આ વિકલ્પની સાથે મંજૂરી આપી છે કે ઈમરજન્સી સ્થિતિમાં બાળકોને પણ વેક્સીનેશન કરવામાં આવી શકે છે. અમેરિકામાં એમોરી વેક્સીન સેન્ટરના નિદેશક ડૉ. રફી અહમદે કહ્યું છે કે હાલ અમે વેક્સીનમાં બાળકોને સામેલ નથી કરી રહ્યા. તેનું સૌથી મોટું કારણ એ છે કે બાળકોને હજુ સુધી ટ્રાયલમાં સામેલ નથી કરવામાં આવ્યા. અમને એ પણ ખબર નથી કે જે વેક્સીન તૈયાર કરવામાં આવી છે તે બાળકો માટે કેટલી સુરક્ષિત છે. દવા કંપનીઓમાંથી કેટલાકે બાળકો પર અલગ ટ્રાયલ કરવાની યોજના છે.

# પશ્ચિમ બંગાળમાં નડ્ડાના કાફલા પર હુમલો





કોલકાતા,તા.૧૦

ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાના બે દિવસના પશ્ચિમ બંગાળના પ્રવાસ પર મામલો ગરમાઈ રહ્યો છે. ડાયમંડ હાર્બર જતી વખતે નડ્ડાના કાફલા પર પથ્થરમારો થયો છે. આ દરમિયાન કાર્યકર્તાઓ પર લાકડીના ડંડા મારીને હુમલો કરવામાં આવ્યો. ભાજપના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય પણ આ જ કાફલા સાથે હતા. તેમની ગાડીના પણ કાચ તૂટ્યા છે. આ પહેલા ભાજપના અધ્યક્ષ નડ્ડાએ સુરક્ષા ચૂકનો આરોપ લગાવ્યો છે. આ સંબંધમાં બંગાળ ભાજપ યુનિટના અધ્યક્ષ દિલીપ ઘોષે સ્થાનિક તંત્ર અને અમિત શાહને પત્ર પણ લખ્યો છે. પ્રદર્શનકારીઓએ ડાયમંડ હાર્બરમાં રસ્તો જામ કરવાની કોશિશ કરી. આ રસ્તા પરથી જેપી નડ્ડાનો કાફલો પસાર થઈ રહ્યો હતો. જેપી નડ્ડાના કાફલા પર પથ્થરમારો પણ થયો. કહેવાય છે કે પશ્ચિમ બંગાળમાં કૃષિ કાયદાને લઈને વિરોધ થઈ રહ્યો છે. કૈલાશ

**ભાજપ અધ્યક્ષની સુરક્ષામાં ભારે ચૂકનો આક્ષેપ : કાફલામાં પક્ષના મહાસચિવ કૈલાસ વિજયવર્ગીય પણ હતા, કાર્યકરો ઉપર લાકડીઓથી હુમલો અને પથ્થરમારો**

વિજયવર્ગીયએ ટ્વીટ કર્યું, બંગાળ પોલીસે પહેલા રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના કાર્યક્રમની માહિતી આપી હતી, પરંતુ ફરી એકવાર બંગાળ પોલીસ નિષ્ફળ રહી. સિરાકોલ બસ સ્ટેન્ડ પાસે પોલીસ સામે જ ટીએમસી ગુંડાએ અમારા કાર્યકર્તાઓને માર્યા અને મારી ગાડી પર પથ્થરમારો કર્યો. આ પહેલા નડ્ડાના પ્રવાસ પર સુરક્ષા ચૂકનો આરોપ લગાવીને પશ્ચિમ બંગાળ ભાજપ અધ્યક્ષ દિલીપ ઘોષે કહ્યું, પાર્ટી અધ્યક્ષ જેપી નડ્ડાના પ્રવાસ દરમિયાન સુરક્ષામાં ચૂક થઈ છે. કાલે તેમના કાર્યક્રમમાં પોલીસ તૈનાત નહોતી.

● અનુસંધાન પાન-૭ પર




